# ગાંધીનગરનો બુધવાર નાટ્યમય બની રહ્યો







## એક જ દિવસે નગરમાં ચાર નાટ્યપ્રયોગ થયા : વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી ભરચક રહી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર માટે ગુરુવારનો દિવસ નાટ્યમય રહ્યો હતો. એક જ દિવસમાં ચાર નાટકો શહેરમાં અલગ-અલગ સ્થળે પ્રસ્તુત થયાં હતાં, જેમણે રંગભૂમિ દિવસની ઉજવણીમાં વિવિધ રંગો ભરી દીધા હતા.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણીના ભાગરૂપે ખ્યાત નાટ્યવિદ અને બાળસાહિત્યનાં ભીષ્મપિતામહ ભાર્ગવ જીવરામ જોષીનું બાળનાટક 'ભોટ-ભંભોટ' બપોરે ૩થી ૫ કલાક દરમિયાન સરસ્વતી વિદ્યાલય, સૅક્ટર-૬ ખાતે યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગૌરવ પુરસ્કૃત નાટ્યકાર અખ્તર સૈયદ અને 'કરાઓકે સંગીત'માં વર્લ્ડ રેકર્ડ સર્જનાર ગાંધીનગરના સંજય તન્ના તથા તેમની ટીમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

નાટકના સહદિગ્દર્શક અને નગરના જાણીતા નાટ્ય કલાકાર હિમાંશુ ભચેચ, શાળાના ટ્રસ્ટી નરેશભાઈ શાહ, પ્રદિપસિંહ બિહોલા, રાજુ ભટ્ટ, મુકેશ મારુ અને હિના ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

બીજું નાટક યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૬ ખાતે ભજવાયું હતું. નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના આયોજનમાં ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ ક્લબ (જી ઈ ક્લબ) દ્વારા સંવેદનશીલ સામાજિક નાટક 'પ્રેમ દિવાનો'ની રજૂઆત કરવામાં આવી હતી.

કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત આ નાટકમાં તેમના ઉપરાંત રૂદ્રી શુક્લ, જૈનલ રાવલ અને પ્રતિક્ષા નિમાવત દ્વારા અસરકારક અભિનય આપવામાં આવ્યો હતો. નાટકનો અંત ભાગ એટલો બોઝલ બની ગયો હતો કે ભજવનાર કલાકારો અને પ્રેક્ષકોની પણ આંખો ભીની થઈ ગઈ હતી. અને નાટકની અસરકારકતા એ હતી કે નાટક પૂર્ણ થયા પછી જાહેરમાં પ્રેક્ષકોએ નાટકમાં ઉઠાવાયેલા મુદ્દા અંગે ચર્ચાઓ કરી પોતાનાં મંતવ્યો આપ્યાં હતાં.

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના યુવા સંયોજક રજનીકાંત સુથાર, ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ, ઉપપ્રમુખ સંજય થોરાત, સમાજસેવક જીલુભા ધાંધલ, રાજેશ ત્રિવેદી, નાટ્યકાર દિવ્યકાન્ત વર્મા, હિમાંશુ ભચેચ ઉપરાંત નાટ્યરસિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

બીજાં બે નાટકો ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાયાં હતાં. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે કલા સંસ્થા કલા આરાધન, ગાંધીનગર દ્વારા વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી નિમિત્તે 'આ પૃથ્વી એક રંગભૂમિ' શિર્ષક હેઠળ સ્ટેજ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત અમદાવાદના જાણીતા નાટ્યકાર રાજુ બારોટ અને તેમની ટીમ દ્વારા ગુજરાતી રંગભૂમિનાં ગીતોની રસિક રજૂઆત કરવામાં આવી હતી. એ પછી મૌલિકરાજ શ્રીમાળી લિખિત-દિગ્દર્શિત અનેક ઍવોર્ડ વિજેતા નાટક 'ઉર્ફે આલો' રજૂ થયું હતું. ત્રીજા ક્રમે મૂળ અંગ્રેજી નાટક 'બેબ્સ ઈન ધ વૂડ' હિન્દીમાં પ્રસ્તુત થયું હતું, જેનું દિગ્દર્શન અખ્તર સૈયદ દ્વારા કરવામાં આવ્યું હતું. બંને નાટકો પ્રેક્ષકોએ પસંદ કર્યાં હતાં.

બે નાટકોની વચ્ચે ફિલર તરીકે જાણીતા નાટ્યકાર કુંતલ નિમાવત, દિપલ પરમાર અને મૌન સાધુ દ્વારા પ્રહસન 'ફિલરભાઈ' રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત સંસ્થાના સ્થાપક સુરેશ પારઘી અને સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જ્યોતિષ ભટ્ટના હસ્તે નગરના વિવિધ ક્ષેત્રોના સિનિયર કલાકારોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

## ધો.૧૨ હિન્દી માધ્યમનું સમાજશાસ્ત્રનું પ્રશ્નપત્ર ૮૫ માર્કનું ગણાશે

### હિન્દી માધ્યમનું પ્રશ્નપત્ર ૮૫ અને અંગ્રેજી માધ્યમનું પ્રશ્નપત્ર ૭૪ માર્કસ પ્રમાણે ગણીને એસેસમેન્ટ કરાશે : વાલીઓ-વિદ્યાર્થીઓમાં રાહતની લાગણી

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં સમાજશાસ્ત્ર વિષયમાં હિન્દી અને અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્રમાં ઓલ્ડ કોર્સના બે પેજ મૂકી દેવામાં આવ્યા હતા. આ મુદ્દે ભારે વિવાદ ઊભો થયા બાદ બોર્ડ દ્વારા હિન્દીનું પ્રશ્નપત્ર ૮૫ અને અંગ્રેજી માધ્યમનું પ્રશ્નપત્ર ૭૪ માર્કસ પ્રમાણે જ ગણીને એસેસમેન્ટ કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં સમાજશાસ્ત્ર વિષયની પરીક્ષા ગત શનિવારના રોજ લેવામાં આવી હતી. આ પરીક્ષામાં ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પ્રશ્નપત્રમાં કોઈ ભૂલ નહોતી. પરંતુ અંગ્રેજી અને હિન્દી માધ્યમના વિદ્યાર્થીઓને આપવામાં આવેલા પ્રશ્નપત્રમાં છેલ્લા બે પેજમાં જૂના કોર્સના પ્રશ્નો મૂકી દેવામાં આવ્યા હતા. આ પ્રકારની ભૂલના કારણે પરીક્ષા આપનારા હિન્દી માધ્યમના ૧૩૦૦ અને અંગ્રેજી માધ્યમના ૬૦૦ વિદ્યાર્થીઓ ભારે મુશ્કેલીમાં મૂકાયા હતા. આ મુદ્દે વાલીઓ દ્વારા બોર્ડ સમક્ષ રજૂઆત પણ કરવામાં આવી હતી. બોર્ડના સત્તાધીશો દ્વારા આ પ્રકારની ભૂલ કયા થઈ છે તેની તપાસ કરવામાં આવતાં પ્રિન્ટિંગ પ્રેસમાં થયેલી ભૂલના કારણે આ પ્રકારના જૂના પેજ નવા પ્રશ્નપત્રમાં લગાવી દેવાયા હોવાનું બહાર આવ્યું હતું.

તાજેતરમાં બોર્ડ દ્વારા આ વિદ્યાર્થીઓને અન્યાય ન થાય તે પ્રકારે ઉત્તરવહી ચકાસણી કરવાની જાહેરાત કરી હતી. હવે બોર્ડ દ્વારા એવો નિર્ણય કરાયો છે કે, હિન્દી માધ્યમનું પ્રશ્નપત્ર ૮૫ માર્કસ પ્રમાણે ગણતરી કરવામાં આવશે. એટલે કે જે ૧૫ માર્કસના પ્રશ્નો ઓલ્ડ કોર્સના વામાં આવ્યા હતા તેને ગણતરીમાં લેવામાં આવશે નહીં. આજ રીતે અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓનું પ્રશ્નપત્ર ૭૪ માર્કસ પ્રમાણે ગણવામાં આવશે. એટલે કે બાકીના ૨૬ માર્કસના પ્રશ્નો કે જે જૂના કોર્સમાંથી લેવામાં આવ્યા હતા તેને ધ્યાનમાં લેવામાં આવશે નહીં. આમ, વિદ્યાર્થીઓએ હવે પાસ થવા માટે જે માર્કસ જાહેર કરાયા છે તેમાંથી જ પાસિંગ માર્કસ લાવવાના રહેશે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ દ્વારા

## 'ધો.૧૦ પછી શું ?' એ વિષયે ૩૧મીએ સૅમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ, સરગાસણ દ્વારા ધોરણ-૧૦ પછીના કારકિર્દી માર્ગદર્શન માટે એક સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં સ્કૂલ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ધોરણ-૧૦ પછી વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નો જેવા કે કયું ગૃપ લેવું, બોર્ડની પરીક્ષા સાથે નીટ, જી, ગુજકેટની તૈયારી કેવી રીતે કરવી, ભણવાની સાથે વધારાનું વાચન અને પ્રેક્ટિસનું મેનેજમેન્ટ કેવી રીતે કરવું વગેરેના જવાબો આપવા માટે આ સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૩૧ માર્ચ અને તા. ૭ એપ્રિલના રોજ સવારે ૧૦થી ૧૨ દરમિયાન આ સૅમિનારનું આયોજન સ્કૂલ ખાતે રાખવામાં આવ્યું છે. આ સૅમિનારમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે. તા. ૩૦ એપ્રિલ સુધીમાં મોબાઈલ નંબર ૭૬૨૩૮ ૭૧૬૪૭ અથવા ૭૦૬૯૮ ૧૪૭૯૭ના માધ્યમથી આ રજિસ્ટ્રેશન કરાવવું એવી સૂચના સ્કૂલ દ્વારા રસ ધરાવતા વાલીઓ, વિદ્યાર્થીઓને આપવામાં આવી છે.

## શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ આઠમો મણકો ॥

જોડાણ : લોકોને સમજવા હોય અને લોકો પાસેથી કંઈ શીખવું હોય તો દરેક પોતાની જાતને સામાન્ય માણસને પોતીકી લાગે તેવી બનાવી દેવી જોઈએ. ગાંધીજીએ ત્રીજા વર્ગની મુસાફરી કરીને ગાંધીજીએ ભારતના ગરીબ અને છેવાડાના લોકો સાથે અતૂટ સંબંધ બાંધ્યોઅને લોકોમાં એ સમજ દૃઢ કરી કે પોતે તેઓમાંના જ એક છે. તેમના કપડાં અડધી પોતડી અને તેય પાછી જાતે કાંતેલી ખાદીની, તેમનું ઊઠવું, બેસવું, વાત કરવી, સમજાવવું, લખવું બધું જ સામાન્ય માણસની એટલી નજીકનું હતું કે તેને લીધે ગાંધીજી 'બાપુ' બની ગયા.



આંદોલન : રોલેટ એકટનો વિરોધ કરવા માટે ગાંધીજીએ ૬ એપ્રિલ ૧૯૧૯ના રોજ સત્યાગ્રહ દિવસથી દેશવાસી આંદોલન શરૂ કર્યું. અમૃતસરના જલિયાંવાલા બાગમાં રોલેટ એકટના વિરોધમાં એકત્રિત થયેલાં પંદર હજાર લોકોને જનરલ ડાયરે ગોળીબાર કરાવ્યો. ૧૨૦૦ લોકો ત્યાં જ મૃત્યુ પામ્યા. ૩૬૦૦થી વધુ લોકો ઘાયલ થયા. ૧૩ એપ્રિલ ૧૯૧૯નો એ દિવસ ભારતના ઈતિહાસમાં એક કાળા દિવસ તરીકે નોંધાઈ ગયો. ગાંધીજીએ એક પછી એક ભાષણો અને 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન'માં સતત લખાતા લેખોમાં ઉત્કટ લાગણી અને શબ્દો મૂક્યા જેણે ભારતના લોકોના મન પર ધારદાર અસર ઉપજાવી. વિદેશી વસ્ત્રોની હોળી જ્વાળાઓ આકાશને આંબી ગઈ અને રેંટિયાના અવાજે ત્યાગ અને સ્વદેશની ભાવનાને બુલંદ કરી.

મીઠા સત્યાગ્રહ દરમિયાન ૨૪ દિવસમાં ૨૦૦ માઈલની પદયાત્રા કરીને ગાંધીજી અને એમના સત્યાગ્રહીઓએ ૩૫ કરોડ હિંદુસ્તાનીઓને સરકાર વિરુદ્ધ સંગઠિત કરી દીધા હતા. પદયાત્રા દરમ્યાન ગાંધીજી લોકોને મળ્યા તો ખરા જ અને સાથે સાથે રસ્તામાં યોજાયેલી જાહેર સભાઓમાં ભાષણો આપીને તેમણે વધુને વધુ લોકો સુધી સ્વરાજનો સંદેશો પહોંચાડ્યો. 'ભારત છોડો' ૧૯૪૨માં છેલ્લું આંદોલન થયું. આ એક પ્રચંડ સામૂહિક ચળવળ હતી. ગાંધીજીએ અંગ્રેજો દેશ છોડોનું સૂત્ર આપ્યું અને અંગ્રેજો સામેનું આંદોલન જોતજોતામાં દેશવ્યાપી બન્યું. ગાંધીજીએ અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગ અને ભારત છોડો આંદોલન -જનસંપર્કના ક્ષેત્રમાં એક સિદ્ધાંત સમાન છે.

પ્રાર્થના : ભજન, રામધૂન, કીર્તન, કબીરના ભજનો કે ત્યાગ-સમર્પણના ગીતોથી પ્રાર્થનાની શરૂઆત થતી. કોઈ ખાસ હેતુ અને સંદેશા યોજાતી આ પ્રાર્થનાસભામાં વર્તમાન પ્રશ્નોની સમસ્યાઓની ચર્ચા કરતાં. મોટાં મોટાં સમૂહ આંદોલનોની જાહેરાત પણ પ્રાર્થના સભામાં કરવામાં આવતી.

સૂત્રોઃ ગંગાધર ટિળકે 'સ્વરાજય મારો જન્મ સિદ્ધ અધિકાર છે અને તે હું મેળવીને જ જંપીશ' એવું સૂત્ર આપ્યું, તો ગાંધીજીએ 'સ્વરાજય' શબ્દનો અનુવાદ કરીને 'રામરાજય' કર્યું. 'ભારત છોડો', 'પૂર્ણ સ્વરાજ', 'હરિજન સત્યાગ્રહ', 'સ્વદેશી', 'ગ્રામ સ્વરાજય' જનસામાન્યને સ્પર્શે એવા શબ્દોનો ઉપયોગ કરીને લોકતળ સુધી પહોંચ્યાં.

પ્રતીક : આર્થિક સ્વાલંબન માટે ચરખાનું પ્રતીક. જે શાંતિપૂર્ણ માર્ગે મજૂરી કરીને ઉત્પાદન કરવાનું પ્રતીક છે. આ જ ચરખો આગળ જતાં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના ધ્વજમાં એક શક્તિશાળી પ્રતીક તરીકે સ્થાન પામે છે. ગાંધીજીની કલ્પનાનો ત્રિરંગો ઝંડો પોતે પણ પ્રત્યાયનનું એક અસરકાર પ્રતીક અને મજબૂત માધ્યમ હતાં. ગાંધીજીનું મુંડન કરેલું માથું, અર્ધનગ્ન શરીર, કમરથી ઢીંચણ સુધી પહોંચતી ખાદીની અડધી ધોતી, ગોળ ફ્રેમનાં ચશ્માં અને દંડા જેવી લાકડી પણ પ્રત્યાયનનાં એટલાં જ અસરકારક પ્રતીકો હતાં. ગાંધીજીની વસ્તુઓ એટલી સામાન્ય હતી કે તેમને જનસામાન્ય માણસ તરીકે પ્રસ્થાપિત કરી દેતી હતી.

પત્રોનો જવાબઃ ગાંધીજી ચુસ્ત શિસ્ત અને કડક નિયમપાલનમાં બાંધી રાખનારા હતાં. નિયમિત રીતે મળેલાં દરેક પત્રો ગાંભીર્યનો સ્પર્શ ધરાવતા અને માનવીય લાગણીઓનો ઋજુ સ્પર્શ ધરાવતાં હોય તેવા લખતાં. અઠવાડિયમાં એક દિવસ મૌનવાર રહેતો. ગાંધીજી એક સજાગ શ્રોતા હતા. આ દિવસે પ્રશ્ન લઈને આવનાર વ્યક્તિને ધ્યાનથી સાંભળતા અને ચિઠ્ઠી દ્વારા યોગ્ય ઉત્તર પણ આપતાં. બોલવું એ પ્રત્યાયનનું અસરકાર માધ્યમ છે તેમ છતાં ગાંધીજીએ મૌનનું પણ સમજાવ્યું છે. (ક્રમશઃ)

**- મિતેષ મોદી સંશોધિત લેખ 'મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર'માંથી સાભાર**



ગાંધીનગર, તા. ૨૮

સાહિત્ય વર્તુળ, આણંદના ઉપક્રમે વિશ્વ રંગભૂમિ દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગરના જાણીતા નાટ્યકાર હસમુખ મૅકવાનની રંગભૂમિની યાત્રા, સંસ્મરણોનો વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. જીસસ બંગલો, આણંદ ખાતે આયોજિત આયોજિત આ કાર્યક્રમ પીટરભાઈ મૅકવાનના અધ્યક્ષસ્થાને યોજાયો હતો, જેમાં સ્થાનિક લેખકો, કવિઓ, સાહિત્યકારોએ ઉપસ્થિત રહીને હસમુખ મૅકવાનના વક્તવ્યને માણ્યું હતું. મધુવન નાટ્યસંસ્થાથી શરૂ કરીને રાજ્યકક્ષાના પારિતોષિકો, ઍવોર્ડ્સ સુધીની તેમની યાત્રાની વિગતો સાંભળવી સૌ માટે રસપ્રદ બન્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં અલ્પેશ પરમાર દ્વારા આભાર દર્શન કરવામાં આવ્યું હતું.

## અંધશ્રદ્ધા ઉધઈની જેમ મનુષ્યજીવનને કોતરી ખાય છે



ગાંધીનગર, તા. ૨૮

શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ પાલ્લીના ૪૫મો પાટોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો તથા શિબિર યોજવામાં આવી હતી.

આચાર્ય સ્વામીજી મહારાજે આશીર્વાદમાં જણાવ્યું હતું કે અંધશ્રદ્ધા એ ઉધઈની જેમ મનુષ્ય જીવનને કોતરી ખાય છે. આ જબરો ચેપી રોગ છે, અંધશ્રદ્ધાથી નિર્દોષ પશુપક્ષીઓનો બલિ ચડાવાય છે. જે વૈદિક સનાતન ધર્મથી તદ્દન વિરુદ્ધનું કૃત્ય છે. જેમ ગામથી તાલુકો, તાલુકાથી શહેર, શહેરથી જિલ્લો, જિલ્લાથી રાજ્ય અને રાજ્યથી દેશનું ગઠન થાય છે તેમ સંસ્કાર, ધર્મ, શિક્ષણથી માનવીનું જીવન મહેકતું થાય છે, માટે અંધશ્રદ્ધાને ત્યજવી જોઈએ.

શ્રી સ્વામિનારાયણ ગાદી પરિવારમાંથી તો નવયુવાનો દેશની સેવામાં જોડાયેલા છે પરંતુ નવયુવાનો દેશની આર્મીમાં જોડાય તે માટે હાકલ કરી હતી.

મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહીને આ શિબિરનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

પહેલી એપ્રિલથી

## કેબલ-ડીટીએચ ઓપરેટર્સ માટે ટ્રાઈના નવા નિયમો લાગુ થશે

ગાંધીનગર, તા. ૨૮

ટ્રાઈના ચેરમેન આર.એસ.શર્માએ કહ્યું કે, નવા ટેરિફ નિયમોથી ટેલિવિઝન દર્શકોના માસિક બિલમાં વધારો નહી થાય કારણ કે, સર્વિસ પ્રોવાઈડર્સ ગ્રાહકોને તેમની પસંદગીની ચેનલો નક્કી કરવાનો સંપૂર્ણ અધિકાર આપે છે. ૧લી એપ્રિલથી ટ્રાઈના કેબલ અને ડીટીએચ ઓપરેટર્સ માટેના નવા નિયમો લાગુ થઈ જશે. ત્યાર બાદ ઓપરેટર્સ ગ્રાહકો પાસેથી લૂંટ નહીં ચલાવી શકે. ગ્રાહકો ચેનલો પસંદ કરવાની આઝાદી મળશે. ગ્રાહકો જે ચેનલ જોવા ઈચ્છે તેનું જ તેને ભાડું ચૂકવવાનું રહેશે. જેના માટે તમામ બ્રોડકાસ્ટર્સે તેમની ચેનલનું લિસ્ટ તૈયાર કરવાનું રહેશે.

ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) નવા નિયમો અનુસાર પ્રસારણકર્તાઓ, વિતરકો અને કેબલ ટેલિવિઝન ઓપરેટરોએ પ્રત્યેક ચેનલની અલગ અલગ કિંમત નક્કી કરવાની રહેશે, જે ૧૯ રૂપિયાથી વધુ ન હોવી જોઈએ. ગ્રાહકોમાં જાગૃતતા લાવવા માટે સમયમર્યાદાને ત્રણ વખત વધારવામાં આવી છે.

શર્માએ કહ્યું કે, ટ્રાઈના આંકડાઓ એકત્ર કરવાનું કામ કરી રહ્યું છે, જેથી એ જાણી શકાય કે, નવા નિયમથી ડીટીએચ અને કેબલ ઓપરેટર્સ ગ્રાહકોનું માસિક બિલ તો નથી વધ્યું ને. સરેરાશ ૯૦ ટકા લોકો ૫૦થી ઓછી ચેનલો જોવા છે. શર્માએ કહ્યું કે, મારુ માસિક ટીવી બિલ ૭૦૦ રૂપિયાથી ઘટીને ૨૩૬ રૂપિયા પર પહોંચી ગયું છે.

૧૦૦ ફ્રી-ટુ-એર ચેનલો માટે ગ્રાહકોએ હવે દર મહિને માત્ર ૧૩૦ રૂપિયાની ચૂકવણી કરવી પડશે. તેઓ વધારાની કિંમત ચૂકવીને પેઈડ ચેનલોની સેવા લઈ શકે છે.

## હરેશ ત્રિવેદી લિખિતિ પુસ્તક 'સવેરા'નું વિમોચન

ગાંધીનગર, તા. ૨૮

વંચિત બાળકોના શિક્ષણ અંગે હરેશ ત્રિવેદી લિખિતિ પુસ્તક 'સવેરા'નું શિવાનંદ આશ્રમ, સૅટેલાઈટ ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડ, રાજ્યના પૂર્વ ચીફ સેક્રેટરી પી કે લહેરી, જાણીતા હાસ્યકાર અને લેખક ડૉ. જગદીશ ત્રિવેદી, અંધજન મંડળના સેક્રેટરી ડૉ. ભૂષણપુનાનીના હસ્તે પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તકમાં હરેશ ત્રિવેદી અને તેમનાં પત્ની જીતાબેન દ્વારા વંચિત બાળકોનાં શિક્ષણ માટે કરવામાં આવેલાં કાર્યો અને તેની અનુભૂતિની હૃદયસ્પર્શી વાતોને વાચા આપવામાં આવી છે. આ દંપતી વિદ્યાભારતી ફાઉન્ડેશનના માધ્યમથી છેલ્લાં ૧૩ વર્ષથી ફૂટપાથ અને ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકોનાં શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે સંઘર્ષ કરે છે. શાહબુદ્દીન રાઠોડે જણાવ્યું હતું કે બાળકોને ચાહવું અને તેમનામાં રહેલા ગુણને બહાર લાવવા એ જ સાચું સિક્ષણ છે.

સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ ઍન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા

## સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે વિવિધતાસભર કાર્યક્રમોનો આરંભ

### સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અધિગમ ૨૦૧૯ અંતર્ગત ૧૦૦થી વધુ સ્ટાર્ટઅપ સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પોતાના સ્થાપના દિવસના ઉત્સવ નિમિતે તા. ૨૫ માર્ચ, ૨૦૧૯ થી તા. ૩૦ માર્ચ, ૨૦૧૯ સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. યુનિવર્સિટીની માન્યતા તા. ૩૦ માર્ચ, ૨૦૧૭ ના રોજ ગુજરાત સરકાર દ્વારા પ્રાપ્ત થયેલ છે. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ રિષભભાઈ જૈન છે તેમજ સહ સ્થાપક તરીકે પ્રખ્યાત બોલિવુડ અભિનેતાવિવેક આનંદ ઓબેરોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી એ ભારત દેશ ની સૌ પ્રથમ સ્ટાર્ટઅપ યુનિવર્સિટી છે, જેમાં રોજિંદા ભણતરની સાથે સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગસાહસિકતા, સ્ટાર્ટઅપ, નવીનતા, ધંધો કેવી રીતે કરવો તેની તાલીમ આપવામાં આવે છે. આ યુનિવર્સિટીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને રોજગાર શોધક નહિ પરંતુ નોકરી આપનાર બનાવવાનો છે. આ યુનિવર્સિટીમાં ડિપ્લોમા અને ડિગ્રી અભ્યાસક્રમો અલગ અલગ શાખાઓ જેમ કે એન્જિનિરીંગ, ડિઝાઈન, સાયન્સ, હોમીયોપેથી, ફિઝિયોથેરપી, નર્સિંગ, કૉમેર્સ એન્ડ મૅનેજમેન્ટ અંતર્ગત ચાલી રહ્યા છે.

તા. ૨૫ માર્ચ, ૨૦૧૯ થી વિવિધ કોલેજ ડે, ક્રિકેટ અને ખોખો જેવી રમતો અને વિવિધ સ્પર્ધાઓ, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અધિગમ ૨૦૧૯ અંતર્ગત ૧૦૦થી વધુ સ્ટાર્ટઅપ સ્પર્ધા, સાંસ્કૃતિક કાર્યક્રમો જેમ કે સ્ટેજ પર્ફોર્મન્સ, રેમ્પ વોકનું આયોજન કરવામાં આવેલ છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અધિગમ ૨૦૧૯ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ પોતાના વિવિધ નવીનતમ ધંધાકીય વિચારો રજુ કરશે, તેમજ તે આઈડિયાને વાસ્તવિક જીવનમાં ઉપયોગમાં લેવાય તે માટે નાણાકીય સહાય યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે. તેમાં પસંદગી પામેલા મોડેલને વિજેતા જાહેર કરી ઈનામ પણ એનાયત કરવામાં આવશે.